# વ્યક્તિત્વના અવરોધો



વ્યક્તિત્વનાં ઘણાં તીક્ષ્ણ બિંદુઓ છે. તમે જ્યાં જ્યાં પણ કોઈને નડો છો, ત્યાં તમારામાં એક તીક્ષ્ણ ધાર હોય છે પરંતુ રમૂજની વાત એ છે કે જ્યારે કોઈ બીજું તમને નડે છે ત્યારે તમને તેની ધાર લાગે છે પરંતુ જ્યારે તમે કોઈ બીજાને નડો છો ત્યારે તમને તમારી ધારની ખબર પડતી નથી. જો તમારા શરીરમાં છરી ભોંકાય તો તમને તેનો અનુભવ થાય છે, છરીને તેવો કોઈ અનુભવ થતો નથી. જો હું મારી તીક્ષ્ણ ધાર કોઈને ભોંકું છું તો તેને તેનો અનુભવ થાય છે, મને તે અનુભવાતો નથી, આનાથી દુનિયામાં ભ્રમ ઊભો થાય છે, ઘણી મૂંઝવણ થાય છે. જગતના બધા ઝઘડા એટલા માટે જ છે કારણ કે આપણે ફક્ત બીજાઓની ખામીઓ જોઈએ છીએ, આપણી પોતાની ખામી ક્યારેય ખબર પડતી નથી. શું તમને ક્યારેય પોતાની ખામીઓ ખબર પડી છે? એટલા માટે જ આપણે આખી જિંદગી બીજાની ખામીઓને શોધવામાં જ વિતાવીએ છીએ. એક રસપ્રદ વાત એ છે કે આપણે જેટલી બીજાની ખામીઓ કાઢવાનો પ્રયાસ કરીએ છીએ, તેટલો જ આપણે પોતાના પક્ષને મજબૂત બનાવવો પડે છે કારણ કે જો આપણે કોઈ બીજાના પક્ષનું ખંડન કરવું હોય તો આપણી પાસે પોતાના પક્ષ મજબૂત કર્યા સિવાય બીજું કોઈ સાધન નથી જેથી બીજાના પક્ષનું ખંડન થઈ શકે તો બીજાના પક્ષને તોડવાનો પ્રયાસ ઊંડાણપૂર્વક પોતાના પક્ષને મજબૂત અને ચમકાવવાનો, તેને ધાર આપવાની એક કોશિશ છે.

બીજી વ્યક્તિ પણ આજ કરી રહ્યો છે, દરેક વ્યક્તિ આ જ કરી રહ્યો છે, બીજાના પક્ષનું ખંડન કરવાનો પ્રયાસ કરી રહ્યો છે, બીજાના પક્ષનું ખંડન કરવામાં પોતાના પક્ષને મજબૂત કરી રહ્યો છે અને પોતાના પક્ષને વધુ વિષાકત બનાવી રહ્યો છે. આપણી અંદર ખામીઓ જ રહી જાય છે અને ધીરે ધીરે આપણી અંદર ખંડન કરવા સિવાય કંઇ રહી જતું નથી. આપણી ખામીઓ આપણને એકતરફી નડે છે જેને ખ્યાલમાં લેવું જરૂરી છે. આપણે આપણી ખામીઓને સૌમ્યતા, વિનમ્રતા, શિષ્ટતા, સજ્જનતાના વસ્ત્રોનું એક આવરણ પોતાની આસપાસ વીંટાળી લઈએ છીએ પરંતુ થોડા જ પ્રહારથી તે ઉઘાડું પડી જાય છે. તો પછી હવે શું કરીએ? પ્રથમ તો એ જાણવાની જરૂર છે કે આપણી ખામી ક્યાં ક્યાં છે. કયાંક એવું તો નથી કે જન્મોજન્મોની યાત્રામાં ફક્ત ખામીઓ જ રહી ગઈ છે. બીજા બધા હિસ્સાઓ આપણે કાપી નાંખ્યા છે. આપણે ફકત ખામીઓ બચાવી લીધી છે તો આ ખામીઓની ખબર કેવી રીતે પડશે? હંમેશાં બીજાની જગ્યા ઉપર ઊભા રહીને જુઓ તો ખબર પડી શકે છે. જ્યારે પણ તમારાથી કોઈ પીડિત થાય છે ત્યારે આપણું મન કહે છે કે એની જ ભૂલ છે જેથી તે પીડાય છે અને જ્યારે આપણે કોઈનાથી પીડિત થઈએ છીએ ત્યારે આપણું મન કહે છે કે એણે મને પીડા આપી છે. આપણું આ દ્વી મન છે. આ આપણો તર્ક છે, આ તર્કમાં આપણી તમામ ખામીઓ છુપાઇ જાય છે અને આપણને તેનો કોઈ અનુભવ થતો નથી. જીસસે કહ્યું છે કે જો તમે ઈચ્છો છો કે તમારી સાથે થાય તે જ તમે બીજા સાથે કરજો પરંતુ આ તો ઘણી દૂરની વાત છે, જો તમે બીજા માટે વિચારો છો તેટલું જ પોતાના માટે વિચારી જોજો અથવા જે તર્ક તમે પોતાના માટે આપો છો તે જ તર્ક બીજા માટે પણ આપજો અને ન્યાય વર્તજો, નહીં તો તમે કોઈ પણ દિવસ તમારી ખામીને જોઈ શકશો નહીં.


**ઓશો વાણી**

આપણને કોઈ દિવસ ખબર પડશે નહીં કે આપણે કોણ છીએ? શું છીએ? એનો આપણને બોધ જ નથી થતો અને આવી જ રીતે આપણે આગળ વધતા રહીએ છીએ અને આવા એક તર્કને કારણે આખું જીવન નષ્ટ થઈ જાય છે જેથી આવા પ્રતિ સજાગ થવું જરૂરી છે.

**(ઓશોઃ તાઓ ઉપનિષદ પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે)**

> જો તમે બીજા માટે વિચારો છો તેટલું જ પોતાના માટે વિચારી જોજો અથવા જે તર્ક તમે પોતાના માટે આપો છો તે જ તર્ક બીજા માટે પણ આપજો, નહીં તો તમે કોઇ પણ દિવસ તમારી ખામીને જોઇ શકશો નહીં

# ગિરનાર દર્શન




ગિરનારના પગથિયા બનાવવાના ખર્ચ માટે 1889માં બહાર પડાયેલી લોટરીની ટીકીટ



**સોરઠ ધરા જગ જૂની, ગરવો ગઢ ગિરનાર,**
**જેના સાવજડા સેંજણ પીએ, એના નમણાં નર ને નાર.**

સતી, સંત, શૂરા અને દાતારની ધરતી કહેવાતા સૌરાષ્ટ્રના સોરઠમાં પૌરાણિક કાળથી અડીખમ ઊભેલો ગરવો ગિરનાર આપણા સૌ કોઈથી અજાણ્યું નામ નથી જ પણ તેની સાથે સંકળાયેલી ઐતિહાસિક કથાઓ સ્વાભાવિક છે કે સૌ કોઈ ના જાણતું હોય. આમ તો પ્રાચીન-પૌરાણિક આ પાવનધામ સાથે તો અસંખ્ય કથાઓ જોડાયેલી છે, પણ થોડી રસપ્રદ વાતો અહીં કરવી છે.

પુરાણો અને ધર્મગ્રંથોમાં વિવિધ નામોથી ગિરનાર પર્વતના ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન નામે ઉર્જ્યંતથી ઓળખાતા ગિરનારનો મહાભારતમાં રેવત પર્વત તરીકેનો ઉલ્લેખ છે. અહીં કૃષ્ણના તાઉજી બલમરાજીના વિવાહ થયાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ જોવા મળે છે. જૂનાગઢના પાદરમાં સ્થિત ગિરનાર પર્વત પર નાના-મોટા અસંખ્ય શિખરો છે, પણ મહત્ત્વપૂર્ણ મોટા પાંચ શિખરોમાં 1, ગોરખ શિખર 3600 ફૂટની ઉંચાઈએ છે તો 2, અંબાજી શિખર 3300, 3, ગોમુખી 3120, 4, જૈન મંદિર શિખર 3300 અને 5, માળી પરબ 1800 ફૂટની ઉંચાઈ પર છે ગુજરાતના સૌથી ઊંચા પર્વત તરીકે ગણના થતાં આ પર્વત અનેક ધાર્મિક કથાઓ સાથે જોડાયલ હોવાથી ભારતનું કૈલાસ પણ કહે છે.

ગિરનાર પર્વતના પાંચ શિખરો પર કુલ મળી 866 જેટલાં મંદિરો આવેલાં. પથ્થરોના બનેલ પગથિયાં થકી એક શિખર પરથી બીજા શિખર પર જઈ શકાય છે. એક ગણતરી મુજબ અહીં 9,999 પગથિયાં છે. પ્રથમ શિખરે પહોંચવા માટે 4,000 પગથિયાં ચઢ્યા પછી પણ 800 પગથિયા બાકી રહે છે. અહીં 4000 પગથિયાં પછી જૈન મંદિર પરિસરનો સપાટ વિસ્તાર છે, જ્યાં થોડો વિશ્રામ મળી જાય છે. જૈન મંદિર શિખર પરના મંદિરો 12મીથી 16 સદી વચ્ચે બંધાયેલ છે. જૈન ધર્મના 22માં તીર્થંકર નેમીનાથજીને અહીં મોક્ષ પ્રાપ્ત થયો હતો. નેમીશિખર તરીકે ઓળખાતા આ શિખરથી આગળ બીજા 2000 પગથિયા ચઢ્યા પછી અંબા માતાનું મંદિર આવે છે. થોડો ભયભીત કરતો પથરાળ પગથિયાનો રસ્તો પાર પછી ઉપરથી કુદરતના અદભૂત નજારાના દર્શન થાય છે. સો જેટલા પગથિયા ઉતરીને ફરી ચઢવાના પથરાળ રસ્તા પછી ગોરખનાથ શિખર છે. અહીં ગુરુ ગોરખનાથની ચરણપાદુકાના દર્શન થાય છે. એ પછી દત્તાત્રેય મંદિર અને કાલી મંદિરનાં શિખરો સુધી જવાય છે. ગિરનાર ચઢવો એ કપરી યાત્રા છે જોકે 2020થી શરૂ થયેલ રોપ-વેની સગવડથી ગિરનાર દર્શન સરળ બન્યું છે, પણ કેટલાંક શ્રધ્ધાળુઓ પગથિયા ચઢીને મંદિરોના દર્શનને યોગ્ય માની કપરી યાત્રા જ કરવાનું પસંદ કરે છે. દર વર્ષે ગિરનાર ચઢનાર શ્રધ્ધાળુઓની સંખ્યા પણ ખૂબ મોટી છે.

સોલંકી વંશના રાજવી કુમારપાળના સમયમાં લગભગ એક હજાર વર્ષ પૂર્વે પથ્થરોના જ પગથિયા બનાવેલા હતા જે લાંબા સમયે ઘસાઈને, તુટીને જર્જરીત થઈ ગયેલા તે છેક ઓગણસમી સદીમાં નવા બની શક્યા હતા અને તેનો પણ ખૂબ રસપ્રદ ઈતિહાસ છે.

ઈ.સ. 1889ના સમય હતો અને ત્યારે સર્વત્ર અંગ્રેજોનું સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યુ હતું અને અંગ્રેજોના તાબા હેઠળ રજવાડાઓ ચાલતા હતા. મુસ્લિમ નવાબ પણ જૂનાગઢનું રજવાડું અંગ્રેજોના અધિકારક્ષેત્ર હેઠળ ચલાવતા હતા. એ સમયે નવાબના દિવાન હરિદાસ બિહારીદાસ દેસાઈ અને અંગત સલાહકાર પુરુષોત્તમસિંહ ઝાલાએ જૂનાગઢના નવાબને વિનંતી કરી કે હિન્દુ અને જૈન શ્રધ્ધાળુઓની આસ્થાના પ્રતિક સમાન ગિરનાર તીર્થધામો પર જવાની શ્રધ્ધાળુઓની બહુ તકલીફોનો સામનો કરવો પડે છે તો પથ્થરના પગથિયા બનાવી દઈએ. નવાબે સહકારી વલણ દાખવી અમદાવાદથી એક બ્રિટીશ એન્જીનિયરને બોલાવી ખર્ચનો અંદાજ કઢાવ્યો તો 1 લાખ 30 હજારનો આંકડો આપ્યો. રકમ સાંભળી ચોંકી ગયેલા નવાબે એટલો ખર્ચ કરવાની ના પાડી કેમ કે એ સમયે એ રકમ ઘણી મોટી હતી પણ હરિદાસ દેસાઈએ અને પુરુષોત્તમસિંહ ઝાલાએ કહ્યું કે માત્ર તમે પરવાનગી આપો, સરકારી તિજોરીમાંથી એક પણ પૈસા લીધા વગર અમે એક-એક રૂપિયાની લોટરીની ટીકીટ વહેંચીશું એટલે હિન્દુ અને જૈન લોકો ખુશી-ખુશી ભંડોળ ભેગું કરી આપશે. નવાબની મંજૂરી મળતા બેચરદાસ બિહારીદાસ નામના અગ્રણીના નેતૃત્વમાં 12 સભ્યોની એક કમિટિ બની અને 1 ઓક્ટોબર 1889માં 1 રૂપિયાની લોટરીની ટીકીટની જાહેરાત કરવામાં આવી. ઓછામાં ઓછું પાંચ રૂપિયાના ઈનામ અને વધુમાં વધું 4000ના આકર્ષક ઈનામની જાહેરાત કરાઈ, 4000નું ઈનામ વધારી 10,000 કરી દેવા સાથે બાર ટીકીટ સાથે એક ટીકીટ ફ્રીની ઓફર પણ મુકાઈ. ધાર્યા મુજબની સફળતા મળી અને ટાર્ગેટ મુજબ 1,28,663 ટીકીટો વેચાઈ ગયેલી તેમાં પણ પહેલું ઈનામ 10,000 મુંબઈના સવિતાબેન ખાંડવાળાને મળતા તેમણે પૂરેપુરી રકમ ગિરનારના પગથિયા બનાવવા માટેના અભિયાનમાં દાનમાં આપી દીધા. જોકે ત્યારના એ 10,000 એટલે આજના 100 કરોડ જેટલા થાય. અંદાજીત ખર્ચ મુજબના નાણાં એકઠા થતા બ્રિટિશ એન્જિનિયરે કામ પ્રારંભ કરાવી દીધેલું જે પાંચેય શિખરો સુધીના પથ્થરનાં પગથિયાં બનાવવાનું કામ 19 વર્ષ ચાલેલું. આજે લગભગ સવાસો વર્ષ પછી પણ સરળ થયેલી કપરી યાત્રાના પથ્થરના પગથિયા આશીર્વાદરૂપ અડિખમ શ્રધ્ધાળુઓને ખમી રહ્યાં છે.

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

જૂનાગઢના ગિરનાર પર્વતની અનેક ગુફાઓમાં વસતા સિધ્ધ સાધુઓના દર્શન થાય છે. ગિરનારના તળેટીમાં આવેલ ભવનાથ મહાવેદ મંદિરના દર્શન અને દામોદર કુંડમાં સ્નાનનું અદ્વિતિય મહત્ત્વ રહેલું છે. અહીં વર્ષમાં બે ઉત્સવોનું મહત્ત્વ ખૂબ છે. દિવાળી પછી કારતક માસની દેવઉઠી અગિયારસથી પ્રારંભ થતી લીલી પરિક્રમા અને મહાશિવરાત્રિનો મેળો માણવા લાખો લોકો ઉમટી પડે છે. લીલી પરિક્રમાનો માર્ગ 36 કિ.મી. છે અને લોકો ચાલતા આ પરિક્રમા પાંચ દિવસે પૂરી કરે છે. કારતક મહિનાની સુદ અગિયારસથી પૂનમ સુધી ચાલતી આ પરિક્રમાના માર્ગ પર ઠેરઠેર સેવાભાવી સંસ્થાઓ દ્વારા રહેવા-જમવા સહિતની સગવડો પુરી પડાય છે. રાજ્ય સરકાર તથા સ્થાનિક પ્રશાસનો દ્વારા પણ શ્રધ્ધાળુઓને અનેક પ્રકારની સુવિધા અપાતી હોય છે. પ્રાણીઓથી સુરક્ષા તથા સ્વાસ્થ્યલક્ષી સુરક્ષા સરકાર પૂરી પાડે છે, તો મહાશિવરાત્રિએ પણ અગિયારસથી અમાસ સુધીના મેળાનું આયોજન પ્રતિવર્ષ ખૂબ ધામધૂમથી થાય છે. અલૌકિક સિધ્ધ સાધુ-સંન્યાસીઓના દર્શનના આશયથી ગુજરાત-સૌરાષ્ટ્ર ઉપરાંત બહારથી પણ લાખો શ્રધ્ધાળુઓ ઉમેટી પડે છે. મહાશિવરાત્રિની રાત્રિએ અઘોરી નાગા-સાધુ સંન્યાસીઓનું હજારોની સંખ્યામાં સરઘસ કે જેને રવેડી કહે છે તે નિકળે છે. આખી રાત ચાલતા આ સરઘસ પછી વહેલી સવારે સાધુ-સંન્યાસીઓ ભવનાથ મહાદેવ મંદિરે પરત ફરી મંદિરમાં દર્શન કરી નજીકના મૃગીકુંડમાં સ્નાન કરવા પડે છે અને ચમત્કારિક રીતે કેટલાંક સાધુઓ અદ્દશ્ય થઈ જતાં હોવાની સૌ કોઈને અનુભૂતિ થતી હોય છે. પાંચ દિવસ ચાલતા મેળામાં આવતા દર્શનાર્થીઓ માટે રહેવા જમવાની વ્યવસ્થા પણ અનેક સેવાભાવી સંસ્થાઓ કરતી હોય છે. ભક્તિમય માહોલમાં રોજ રાત્રે ભજન, લોકસંગીત અને ડાયરા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા હોય છે. સૌરાષ્ટ્રનો પ્રવાસ કરવા ઈચ્છો અને ધર્મલાભ લેવા માંગતા હોય તો જૂનાગઢના ગિરનાર દર્શનને લિસ્ટમાં પહેલા મૂકજો. એમાં પણ લીલી પરિક્રમા કે મહાશિવરાત્રિએ જશો તો એક અલૌકિક અનુભૂતિને અનુભવવાની તક મળશે.

> મહાશિવરાત્રિની રાત્રિએ અઘોરી નાગા-સાધુ સંન્યાસીઓનું હજારોની સંખ્યામાં સરઘસ કે જેને રવેડી કહે છે તે નિકળે છે. આખી રાત ચાલતા આ સરઘસ પછી વહેલી સવારે સાધુ-સંન્યાસીઓ ભવનાથ મહાદેવ મંદિરે પરત ફરી મંદિરમાં દર્શન કરી નજીકના મૃગીકુંડમાં સ્નાન કરવા પડે છે અને ચમત્કારિક રીતે કેટલાંક સાધુઓ અદ્દશ્ય થઇ જતાં હોવાની સૌ કોઇને અનુભૂતિ થતી હોય છે.



# અરે સખી ! તું ખૂબ જ સુંદર છે!

॥ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ॥



**લેખાંક-૫૪**

લાલા દ્વારા ખીર ખાવાના પ્રસંગ પછી ગર્ગાચાર્ય ત્યાંથી વિદાય થયા. અહીં આગળ વધતા પહેલાં એક અગત્યની નોંધ લઈએ કે ગર્ગાચાર્ય દ્વારા ફક્ત 'કૃષ્ણ' નામ પડાયું હોવા છતાં, આ નામકરણ સંસ્કારની લીલા 'શ્રી'ના નિરૂપણ દ્વારા દર્શાવવામાં આવે છે. 'શ્રી' એટલે જ શક્તિ, એટલે જ 'રાધા', એટલે જ મહાલક્ષ્મી અને એટલે જ 'મૂળ પ્રકૃતિ'. આ 'મૂળપ્રકૃતિ' પરમાત્મા સાથે હંમેશાં નિર્ગુણરૂપથી, ઉભય સ્વરૂપમાં જોડાયેલી હોય છે અને તે પરમાત્મા જેવી જ અજન્મા છે. શ્રીમદ ભાગવતમાં પણ શ્રીકૃષ્ણ સાથે યશોદાની કુખે જન્મેલી બાળકી તરીકે માયા અજન્મા છે તેવો ઉલ્લેખ છે. રાધા, સીતા વગેરે પણ એનાં ઉદાહરણ છે. તદુપરાંત ભગવાન શ્રીકૃષ્ણનું એક નામ માધવ પણ છે. 'મા'નો અર્થ માયા અને 'ધવ'નો અર્થ પતિ. માટે જ 'શ્રી'નામથી પ્રખ્યાત આ નામકરણ લીલા ભગવાનના ગુણો, શક્તિ, ઐશ્વર્ય, કીર્તિ અને પ્રભાવથી સર્વનાં દુઃખ દૂર કરે છે અને તેમના પુરુષાર્થને સિદ્ધ કરે છે. આમ ગર્ગાચાર્ય દ્વારા 'કૃષ્ણ' નામ અપાયા હોવા છતાં આ નામકરણ સંસ્કારની લીલાને કારણે ભગવાન 'શ્રીકૃષ્ણ' તરીકે જગતમાં ઓળખાય છે.

ગર્ગાચાર્યે કરાવેલી નામસંસ્કરણ વિધિ પછી થોડો સમય ગયો એટલે બાળકૃષ્ણ અને બળભદ્ર 'રીખવા' એટલે કે ઢીંચણ અને બંને હાથથી ચાલવાનું (ઘૂંટણ વડે ચાલતા) શીખ્યા અને રમવા માંડ્યા. તેમને આ રીતે રમતા જોઈ ઘરના બધાને આનંદ થતો. વ્રજભૂમિમાં રીખતા, વ્રજના કાદવથી ખરડાઈ રહેતા, પગમાં પહેરેલી ઝાંઝરોના ધ્વનિથી રાજી થતા, સમય સમય પર ક્યારેક પક્ષીઓના અવાજથી અને ક્યારેક અન્ય બાળકોના ડરથી ગભરાવાનો ડોળ કરી માતા-પિતા પાસે આવતા રહેતા. ક્યારેક કોઈ વ્યક્તિને જતી જુએ ત્યારે વિચારે કે આ ભક્ત મને શોધવા જઈ રહ્યો છે, એટલે એની આગળ પાછળ જતા, ભિન્ન ભિન્ન શરીરવાળા છતાં પણ સ્નેહને કારણે એક જ હોય તેવા જણાતા, એક જ વેષ ધારણ કરતા, માતા-પિતા તરફથી ઉત્તમ પોષણ પામતા, ચંદ્ર જેવા મુખવાળા અને ઊગતા સૂર્યના જેવા તેજથી લોકોને વિસ્મય આપતા હતા. શયન, આસન તથા ભોજન વગેરે તમામ ક્રિયાઓ સાથે જ કરતા, શરીરના બાંધામાં પરસ્પર બંને એક જેવા જ લાગતા અને સકળ જગતના રક્ષક હોવા છતાં પોતાના રક્ષણ માટે બીજા પાસે કાળજી લેવડાવતા હતા.

જેમ પૂનમની સંધ્યાએ સૂર્ય તથા ચંદ્ર એકબીજાનાં કિરણોથી પરસ્પર સંબંધ ધરાવે છે તેમ પરસ્પરની ક્રીડાઓથી સંબંધ ધરાવતા, રજને કારણે અંગો ખરડાઈ જતા હાથીના મસ્ત બચ્ચાઓ જેવા લાગતા, મોઢા પર વારંવાર આવી જતા કેશથી વ્યાકુળતા અનુભવતા, વાછરડાઓને બાંધવાના તબેલાઓમાં રીખતા (ઘૂંટણ વડે ચાલતા), તેમના પૂંછડા પકડતા, છાણથી પગ ખરડાવતા, ખરડાયેલા અંગોથી માતા-પિતાને વળગી પડીને હસાવતા હતા. માતા-પિતા અટકાવવાનો પ્રયત્ન કરતા હોવા છતાં પણ મસ્તી કરવાથી અટકતા નહોતા. નાહવા-ધોવા જેવી દરરોજની ક્રિયાઓ ઉપરાંત ગાય, બળદ જેવા શીંગડાવાળા પ્રાણી, દાઢીવાળા વાંદરા, તલવાર વગેરે હથિયાર, પાણી, અગ્નિ તથા પક્ષીઓ સાથે રમતા અને ક્રીડા કરતા બંને બાળકોને સાચવવામાં માતાનો ખૂબ સમય વ્યતીત થતો અને આના પરિણામે માતાને રસોઈ જેવાં અન્ય કામોમાં વ્યગ્ર રાખતા હતા. લોકોની છેડછાડ કરીને માસૂમ રીતે હસી પડતા અને મનોહર સ્મિતથી, રાતા હોઠોથી તથા થોડી સંખ્યામાં આવેલા દાંતોથી જોનારાઓને અભૂતપૂર્વ ચમત્કારી લાગતા બાળકૃષ્ણ અને બળભદ્ર થોડા સમયમાં જ રીખવાનું મૂકી દઈને પગે ચાલવાનું શીખ્યા, ત્યારે વાછરડાઓનાં પૂંછડાં પકડી રમવા લાગ્યા અને તેમને કુદાવવા લાગ્યા. આવાં બાળતોફાનો કરતા પોતાના પુત્રોને મોટા થતાં જોઈ યશોદા અને રોહિણીને અત્યંત આનંદ ઉપજતો અને અડોશપડોશની ગોપીઓને પણ એમનું કુતૂહલ જોવા બોલાવતી. આ ગોપીઓ બાળકૃષ્ણની લીલાઓ જોઈ દિવ્ય આનંદ અનુભવતી અને પ્રસન્નતાપૂર્વક જોર જોરથી હાસ્ય કરતી. આટલું જ નહિ પરંતુ આ દિવ્ય પ્રકારના આનંદથી નહિ ધરાતી ગોપીઓ, તેમના માધુર્યનો અધિક આનંદ મેળવવા બધી ભેગી થતી.

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

ગોકુળમાં એક નવી વહુ (ગોપી) આવી હતી. લાલાનું માધુર્ય જોઈ તેને આખો દિવસ કૃષ્ણ, કૃષ્ણ બોલવાની ટેવ પડી ગઈ હતી. લાલાના દર્શન કરવા તે ખૂબ આતુર રહેતી. કનૈયાના દર્શન માટે તેના પ્રાણ તરસતા હતા પરંતુ તેની સાસુ તેને લાલાના દર્શન કરવા જવા નહોતી દેતી. નવી પરણેલી વહુ ભલે પરાધીન હોય પરંતુ જીવને અતિશય આતુરતા હોય એટલે ભગવાને દોડતા આવવું જ પડે. કનૈયાએ વિચાર્યું કે એક જીવ (નવી પરણીને આવેલી ગોપી) મારા માટે તલસે છે. આ વખતે લાલજીની ઉંમર ફક્ત ત્રણ વર્ષની હતી. વાંકડિયા વાળ, મસ્તક પર મોરપીંછ, કાનમાં કુંડળ, હાથમાં બાજુબંધ, પગમાં નૂપુર, કેડમાં પીતાંબર ધારણ કરેલો કનૈયો છુમ છુમ ચાલે ચાલતો તે ગોપીની પાછળ ચાલવા લાગ્યો. બીજી બાજુ યમુનાજીનું જળ ભરવા જઈ રહેલી ગોપી લાલાના બરાબર આવા જ રૂપનું ચિંતન કરતી ચાલતી હતી. તે વિચારમાં તેને દેહનું પણ ભાન રહ્યું નહી. ત્યાં જ તેની પાછળ પાછળ ચાલતો આવતો લાલો તેની નજીક આવી સાડીનો છેડો પકડે છે. ગોપી પાછળ ફરીને જુએ છે. ત્યાં તો લાલજી મરક મરક હાસ્ય કરતા સાડીનો છેડો પકડીને ઊભા છે. ગોપીના આનંદનો પાર નથી. આંખમાં આંસુ છે. જ્યારે તેણે લાલાને ઉઠાવીને છાતીસરસો ચાંપ્યો ત્યારે સામાન્ય મનુષ્યની કલ્પનાની બહારનું દ્રશ્ય સર્જાયું. ત્રણ વર્ષનો લાલો અને ગોપી. લાલાએ તેના ગળામાં હાથ નાખ્યો અને કહ્યું "અરે સખી ! તું ખૂબ જ સુંદર છે!" (ક્રમશઃ)

> ભગવાન શ્રીકૃષ્ણનું એક નામ માધવ પણ છે. 'મા'નો અર્થ માયા અને 'ધવ'નો અર્થ પતિ. માટે જ 'શ્રી'નામથી પ્રખ્યાત આ નામકરણ લીલા ભગવાનના ગુણો, શક્તિ, ઐશ્વર્ય, કીર્તિ અને પ્રભાવથી સર્વનાં દુઃખ દૂર કરે છે અને તેમના પુરુષાર્થને સિદ્ધ કરે છે